

# શ્રેષ્ઠ સમય

સત્ય સ્વરૂપા મા ગંગાના કિનારે ઘાસની કુટિરમાં શક્તિની આરાધના કરતાં હતાં. સાયં કાળે કુટિરની નાનકડી ઓટલી પર આવી બેસતાં હતાં અને પ્રકૃતિ સાથે તેનાં વિવિધ રૂપરંગમાં ખોવાઇ જતાં હતાં. તેમના સાયં કાળના આ પ્રકૃતિદર્શનમાં તેઓ દિવ્ય તત્ત્વને શોધવાનો, પામવાનો પ્રયાસ કરતાં હતાં. દિવ્ય તેજની આભા તેમના સમગ્ર વ્યક્તિત્વમાંથી નીતરતી અને નિખરતી હતી. સાયંકાળે કોઇ જિજ્ઞાસુ તેમને જોઇને તેમનાં દર્શન-સત્સંગ માટે આવીને બેસતાં હતાં. મા દરેકને આત્મીય અને ઉમળકાભેર આવકાર આપતાં અને કોઇક સ્નેહી-સ્વજનની જેમ તેની સાથે ગોષ્ઠી કરતાં હતાં. તેઓ સૌને સત્ય અને દિવ્ય તત્ત્વને આધીન રહેવાનો ઉપદેશ આપતાં હતાં પણ તેમની વાતો ખૂબ સરળ અને સહજ હતી. એક વાર એક સન્નારીએ તેમને પ્રશ્ન પૂછયો. ‘‘મા, મારે મારું કાર્ય શરૂ કરવું છે તો તે કયા સમયે કરું?’’

માએ કહ્યું : ‘‘બેટા, મારી દૃષ્ટિએ તો સમય સ્વયં એક શુભ તત્ત્વ છે, સત્ય પરિબળ છે, મહત્ત્વ તો માણસના પુરુષાર્થનું છે, ભાવનાનું છે, શ્રધ્ધાનું છે. તેથી તારે તારું જે કાર્ય શરૂ કરવું હોય તે ઈશ્વરમાં શ્રધ્ધા રાખીને શરૂ કર.’’ પેલાં સન્નારીએ બે હાથ જોડી પ્રણામ કરી પોતાનું સ્થાન ગ્રહણ કર્યું.

**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**

ત્યાર પછી ઉપસ્થિત સર્વને ઉદ્દેશીને માએ કહ્યું કે ‘‘બાળકો, સમય એ ઈશ્વરનું જ સર્જન છે. સમય આદિ છે, અનંત છે, નિરાકાર છે, નિર્ગુણ છે. એ અદૃશ્ય શક્તિ છે. તેને જોઇ શકાતો નથી પણ કેવળ અનુભવી શકાય છે. સમય કદી અશુભ ન હોઇ શકે. માનવીના જીવનમાં જે વિષમ સ્થિતિ સર્જાય છે તે કેવળ આપણાં અસત્ કર્મોનું જ પરિણામ છે. જીવનની વિષમ સ્થિતિમાં પણ પરમ તત્ત્વની શરણાગતિ સ્વીકારી તમે સ્થિર થઇ જશો તો એક સમયે તમને વિષમતામાં સરળતા, સહજતા અને સફળતાનો અનુભવ અવશ્ય થશે.

સમય સ્વયં પરમ તત્ત્વ છે. આથી તે શુભ કે અશુભનો પ્રશ્ન જ નથી રહેતો. બસ, અંદરનો કાર્ય કરવાનો ઉછાળ, પરમ તત્ત્વ પ્રત્યેની શ્રધ્ધા, નૈતિકતા, પ્રામાણિકતા, નિષ્ઠા અને ધગશ રાખીએ તો સમયનું સત્ય સમજાશે. પણ એ માટે દરેકે સંઘર્ષ તો કરવો જ પડશે. કરવો જ પડે છે. એ સંઘર્ષના અંતે જે ઊર્જાનો અનુભવ થાય છે, જે સત્યની પ્રાપ્તિ થાય છે તે અનુભવ જ અનોખો હોય છે.

> **સમય સ્વયં પરમ તત્ત્વ છે. આથી તે શુભ કે અશુભનો પ્રશ્ન જ નથી રહેતો. બસ, અંદરનો કાર્ય કરવાનો ઉછાળ, પરમ તત્ત્વ પ્રત્યેની શ્રધ્ધા ,નૈતિકતા, પ્રામાણિકતા, નિષ્ઠા અને ધગશ રાખીએ તો સમયનું સત્ય સમજાશે**

ઉપાસનાની વાત કરીએ તો બ્રાહ્મમુહૂર્ત શ્રેષ્ઠ છે કારણ કે તે સમયે ઋષિમુનિઓના દિવ્ય વાયુમંડળનાં સ્પંદનો વાતાવરણમાં ફેલાતાં હોય છે. આથી તે સમયે ઉપાસના કરીએ તો એ દિવ્ય સ્પંદનોની અનુભૂતિ થાય છે. એ અનુભૂતિના આધારે ક્રમશઃ આપણે અગોચર દિવ્ય તત્ત્વ સાથે આત્મિક અનુસંધાન સાધી શકીએ છીએ.

આ બ્રાહ્મમુહૂર્ત નહિ સચવાય તો બને એટલી વહેલી સવારે આપણો ઉપાસનાનો દૈનિક ક્રમ આટોપી લેવો જોઇએ જેથી આપણે આપણા દૈનિક જીવનવ્યવહારમાં વ્યસ્ત થઇ શકીએ. મોડી સવારે ઉપાસના કરવાથી ઘરનો અને આસપાસનો માહોલ આપણા મનની શાંતિને, ભીતરનાં સ્પંદનોને વિખેરી નાખે છે. એ તો ઠીક, આપણો જીવનવ્યવહાર પણ ખોરવાઇ જાય છે. આથી બ્રાહ્મમુહૂર્ત- વહેલી સવારનો સમય ઉપાસના માટે શ્રેષ્ઠ છે. બાકી જીવનનાં અન્ય કાર્યો તો ક્યારેય, કોઇ પણ સમયે કરી શકાય છે. કાર્યનો આરંભ કરતાં પહેલાં ઈષ્ટને પ્રાર્થના કરો કે આ કાર્ય તને સોંપું છું. હવે તું જાણે. જવાબદારી તારી.

# આત્મજ્ઞાન અને સાંખ્યશાસ્ત્રના પ્રણેતા

સાંખ્યશાસ્ત્રના પ્રણેતા, સિદ્ધ નામના દેવોમાં સ્થાન પામનાર, દેવહુતિ અને કર્દમ પ્રજાપતિથી થયેલ પુત્ર કપિલ ભગવાન શ્રી વિષ્ણુના અવતાર ગણાય છે. તેણે માતા દેવહુતિને બ્રહ્મતત્ત્વ જ્ઞાનનો બોધ આપ્યો હતો. તે થકી જિજ્ઞાસુ ભક્તોને ખૂબ જ ઉત્તમ આત્મજ્ઞાનનું આધ્યાત્મિક માર્ગદર્શન આપ્યું છે. જે સર્વકાલીન હોવાથી તે ‘કપિલ ગીતા’ તરીકે જાણીતું છે. શ્રીમદ્ ભાગવતના ત્રીજા સ્કંધના 25 થી 33 અધ્યાયમાં કપિલ નારાયણની કથા આવે છે. સનાતન પંચાંગ અનુસાર આ સપ્તાહમાં મહર્ષિ કપિલાચાર્યની જયંતી છે.

‘કપિલ ગીતા’ અંતર્ગત ત્રણ અધ્યાયોમાં પહેલા વેદોનું જ્ઞાન છે. ત્યાર બાદ ભક્તિનું વર્ણન છે અને તે પછી સંસારચક્રનું વર્ણન છે. પોતાની માતા દેવહુતિની આત્મજ્ઞાનની જિજ્ઞાસાને આદિનારાયણ પરમાત્માના અવતાર કપિલ દેવ સંતોષે છે. આ બંને એક રીતે તો માનવજગતના કલ્યાણ માટે નિમિત્ત બની ભવસાગર પાર કરાવવા માર્ગદર્શક છે.

‘સિદ્ધાનાં કપિલો મુનિઃ’ ગણાતા કપિલ મુનિ અંગેની મૂળ કથા ટૂંકમાં એવી છે કે, બ્રહ્માજીએ સર્ગના આદિમાં સૃષ્ટિ વિસ્તારના હેતુથી કેટલાક પુત્રો ઉત્પન્ન કર્યા તેમાંના એક કર્દમ નામના પ્રજાપતિ હતા. તેમણે બ્રહ્માજીની આજ્ઞાથી સંતાન ઉત્પન્ન કરવા સરસ્વતી નદીના કિનારે ખૂબ લાંબા સમય સુધી તપ-આરાધન કર્યું. તેમની તપશ્ચર્યા જોઈ ચતુર્ભુજ નારાયણ પ્રસન્ન થઈ પ્રત્યક્ષ પ્રગટ થયા અને વરદાન માંગવા કહ્યું. ત્યારે કર્દમ ઋષિએ કહ્યું, ‘‘આપના દર્શન પછી શું માગું? પરંતુ બ્રહ્માજીની આજ્ઞા છે તેમ લગ્ન કરવાની ઈચ્છા છે માટે લગ્ન કરવું છે. મારે લગ્ન કરવું છે પણ મનમાં ભાવના છે કે ઘરમાં જ સત્સંગ મળે. હું સ્ત્રીસંગ માંગતો નથી સત્સંગ માંગું છું. મને એવી સ્ત્રી આપો કે તે મને ભગવાન તરફ વાળે. હું કામ પત્ની નહીં ધર્મ પત્ની માંગું છું’’. ભગવાને કહ્યું,‘‘બે દિવસ પછી મનુ મહારાજ તમારી પાસે આવશે અને પોતાની પુત્રી દેવહુતિ આપને આપશે. તે સુંદર-સુશીલ છે. હું તમારે ત્યાં પુત્રરૂપે આવીશ અને સાંખ્યશાસ્ત્ર રૂપ સંહિતાની રચના કરીશ. મારે જગતને ઉપદેશ કરવો છે. ‘આમ પ્રભુ કર્દમ ઋષિને વરદાન આપી અંતરધ્યાન થયા. સમય વીતતાં કર્દમ-દેવહુતિને ત્યાં નવ કન્યાઓ થઈ. વિદ્વાનોના મતે નવ કન્યાઓ એટલે નવધા ભક્તિ. તે ન આવે ત્યાં સુધી કપિલ એટલે કે જ્ઞાન ન આવે. વૈરાગ્ય માટે તત્પર એવા કર્દમ ઋષિને ત્યાં આખરે સ્વયં ભગવાનનું પુત્રરૂપે આગમન થયું તે કપિલ. તે પછી કર્દમ ઋષિ સમય વીતતા કપિલ દેવની પ્રદક્ષિણા કરી વન માર્ગે ગયા ત્યાં રહી ભક્તિસભર બની રાગદ્વેષ રહિત જીવન જીવી મોક્ષ પામ્યા.

બીજી તરફ માતા દેવહુતિને સ્મરણ થયું કે આ બાળક આદિ નારાયણ પરમાત્માનો અવતાર છે. તે માતાનો ઉદ્ધાર કરવા આવ્યો છે. એટલે માતા દેવહુતિ સદ્ શિષ્યા ભાવે કપિલજી પાસે આવ્યા અને વંદન કરી આત્મજ્ઞાનની પોતાની જિજ્ઞાસા સંતોષવા વિનંતી કરી. દેવહુતિના પ્રશ્નો- જિજ્ઞાસા સાંભળી કપિલ દેવે કહ્યું,‘‘હે માતા, આ આત્માના બંધન અને મુક્તિનું કારણ ચિત્ત છે. ચિત્ત સિવાય બીજું કોઈ નહીં. ચિત્ત શબ્દાદિ વિષયોમાં આસક્ત થવાથી બંધનનું કારણ બને છે અને ઈશ્વર પ્રત્યે પ્રીતિ અનુરકતાને પગલે મુક્તિનું કારણ બને છે. એ જ રીતે દુષ્ટ પુરુષોનો સંગ જીવાત્માને બંધનમાં નાખે છે અને સદ્પુરુષોના સંગને શાસ્ત્રોમાં મોક્ષનું દ્વાર માનવામાં આવ્યું છે, એટલે માતા સદ્ પુરુષોની સંગતિ કરવી જોઈએ કેમ કે સાધુ,સંત પુરુષોનો સત્સંગ જ મારા પ્રભાવનું યથાર્થ જ્ઞાન કરાવનાર અને અંતઃકરણને સુખ આપનાર કથાઓ સાંભળવા મળે છે. જેને સાંભળવાથી ભગવાનમાં શ્રદ્ધા, પ્રીતિ અને ભક્તિ ક્રમશઃ ઉત્પન્ન થાય છે. એ ભક્તિથી ઐહિક, પારલૌકિક સુખો પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને વૈરાગ્યમુક્ત થયેલ વ્યક્તિ આત્મ સાધનમાં તત્પર થઈ યોગ વગેરે દ્વારા અંતઃકરણને સ્વાધીન કરવા પ્રયત્ન કરે છે. શાબ્દિક તથા ઈન્દ્રિયજન્ય વિષયોના સેવન-ભોગ છોડીને વૈરાગ્યથી વધેલું જ્ઞાન, અષ્ટાંગયોગ અને ભક્તિ દ્વારા આ દેહમાં મને સર્વાન્તરયામી પરમાત્માને પ્રાપ્ત કરે છે.’’ દેવહુતિના પ્રશ્નોના અનુસંધાનમાં કપિલદેવે ભક્તિનાં લક્ષણોનું વર્ણન કર્યું અને તે પછી સાંખ્યશાસ્ત્રની રીતે પદાર્થોનું વર્ણન કરવા સાથે પ્રકૃતિ-પુરુષના વિવેક દ્વારા મોક્ષનું વર્ણન કર્યું છે. તે પછી અષ્ટાંગયોગથી સ્વરૂપની ઉપલબ્ધિ કઈ રીતે થાય છે તે સમજાવવા સાથે દુનિયાના દુઃખદાયક



> **બ્રહ્માજીની આજ્ઞા છે તેમ લગ્ન કરવાની ઈચ્છા છે માટે લગ્ન કરવું છે. મારે લગ્ન કરવું છે પણ મનમાં ભાવના છે કે ઘરમાં જ સત્સંગ મળે. હું સ્ત્રીસંગ માંગતો નથી સત્સંગ માંગું છું. મને એવી સ્ત્રી આપો કે તે મને ભગવાન તરફ વાળે. હું કામ પત્ની નહીં ધર્મ પત્ની માંગું છું**

સ્વરૂપનું વર્ણન કર્યું છે. કામી લોકોની કેવી ગતિ થાય છે તે સમજાવતા મનુષ્ય દેહ(યોનિ)નું મહત્ત્વ શું છે તેનું વર્ણન કર્યું. તેમણે એ પણ જણાવ્યું કે,‘‘મનુષ્ય દેહ પાપ અને પુણ્યના સંમિશ્રણથી પ્રાપ્ત થાય છે.’’ પોતાના પુત્રનો ઉપદેશ સાંભળી દેવહુતિના અજ્ઞાનનો પડદો દૂર થયો અને તેના પ્રભાવને સમજી તેની ભગવદ્ બુદ્ધિથી સ્તુતિ કરવા લાગી તે સ્તુતિથી ખૂબ પ્રસન્ન થઈ કપિલદેવ ભાવવિભોર થઈ બોલ્યા,‘‘હે માતા, મારા સૂચવેલા માર્ગે તું ચાલશે તો ખૂબ જલ્દી જીવનમુક્તિ રૂપ ઉત્તમ ફળ પ્રાપ્ત થશે. બ્રહ્મજ્ઞાનીઓ પણ જેનું સ્મરણ કરે છે તેવા આ ઉપદેશ પર વિશ્વાસ રાખ અને તે મુજબ આચરણ કરવાથી તું દુન્યવી બંધનોથી મુક્ત થઈ મારા જન્મ- મરણ રહિત સ્વરૂપની પ્રાપ્તિ થશે. મારા આ ઉપદેશને નહીં જાણનાર-માનનાર વ્યક્તિ મૃત્યુ રૂપ આ દુનિયામાં વારંવાર આવાગમનમાં પડશે.’’ તે પછી મહામુનિ કપિલ દેવે માતાથી વિદાય લીધી. બીજી તરફ દેવહુતિ કપિલદેવ દ્વારા અપાયેલા ઉપદેશનું નિષ્ઠાપૂર્વક આચરણ કરી બ્રહ્મરૂપ ભગવાન સાથે એકત્વને પામી. જે સ્થળે તેને યોગસિદ્ધિ, મુક્તિ પ્રાપ્ત થઈ તે સ્થાન ‘સિદ્ધપદ’ નામથી વિખ્યાત છે.
‘સંદર્ભ- શ્રીમદ ભાગવત’.’ઈદં ન મમ.’

**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**